સુરતમાં બે પ્રકારના પૂર આવે છે, આકાશી આફતથી તો દરેક જગ્યા પર પૂર આવે જ છે પરંતુ અહીં વધુ ખતરો ખાડીપૂરનો રહે છે

પરવટ ગામમાં ખાડીનું જળસ્તર વધ્યું

ગોડાદરામાં એડીઆરએફ તૈનાત


ભેસ્તાન રોડ ઉપર ખાડીના પાણી

■ સુરત શહેરમાં બે વખત તો ખાડીપૂર આવી ચૂક્યું છે. આવુ એક વખત નહીં ત્રણ વખત બની ચૂક્યું છે ત્યારે ત્રીજી વખત ખાડી પૂર નહીં આવે તે પણ નક્કી નથી. (તસવીર : સતીષ જાદવ)

વેસુ,VIP રોડ ફરી પાણીમાં ગરકાવ

ઉધના-સચિન રોડ ફરી બેટમાં ફેરવાયો

અન્ય ઝોનમાં બે ઇંચ વરસાદથી જળબંબાકાર

સુરતઃ છેલ્લા બે દિવસથી સતત વરસી રહેલા વરસાદના કારણે ભેદવાડ, મીઠી અને સિમાડા સહિતની ખાડીઓમાં પાણીની આવક સતત વધી રહી છે. સૌથી ગંભીર સ્થિતિ ભેદવાડ ખાડીમાં સર્જાઈ હતી.

ભેદવાડ ખાડીની ભયજનક સપાટી 7.20 મીટર સામે પાણીનું સ્તર પણ 7.20 મીટરે પહોંચી જતાં ભીમરાડ અને બમરોલી વિસ્તારના નીચાણવાળા ભાગોમાં પાણી ઘૂસવા લાગ્યું હતું. અનેક રહેણાક વિસ્તારોમાં પાણી ભરાતાં સ્થાનિકોમાં ચિંતા વ્યાપી ગઈ હતી. ભારે વરસાદના કારણે શહેરના અનેક મુખ્ય માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. ઉધના-સચિન રોડ ઘૂંટણસમા પાણીમાં ગરકાવ થતાં આખો માર્ગ બેટમાં ફેરવાઈ ગયો હતો.

ઉધના-નવસારી રોડ, ભેસ્તાન, ઉન અને ઉધના ત્રણ રસ્તા વિસ્તારમાં પાણીના પ્રવાહ વચ્ચે વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. ઉધના રેલવે ગરનાળું પણ પાણી ભરાઈ જતાં બંધ કરવું પડ્યું હતું. શહેરના પોશ ગણાતા વેસુ અને VIP રોડ વિસ્તારમાં પણ બીજા દિવસે પાણી ભરાવાની સ્થિતિ યથાવત રહી હતી. ભગવાન મહાવીર યુનિવર્સિટી અને આસપાસના કોમર્શિયલ વિસ્તારોમાં પાણી ભરાતાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું.

પરવત પાટિયા નજીક માધવબાગ અને સારોલી વિસ્તારમાં પાણીનો ભરાવો વધતાં એનડીઆરએફની ટીમોને તૈનાત કરવામાં આવી હતી. મીઠી ખાડીનું જળસ્તર પણ ભયજનક સપાટીની નજીક પહોંચતાં લિંબાયત સહિતના વિસ્તારોમાં ડિવોટરિંગ પંપો દ્વારા પાણી ઉલેચવાની કામગીરી હાથ ધરાઈ હતી. મ્યુનિસિપલ કમિશનર નાગરાજને દિવસ દરમિયાન અધિકારીઓની તાકીદની બેઠક બોલાવી હતી.

ક્યાં કેટલો વરસાદ

ઝોન	મીમી
ઉધના	80
લિંબાયત	53
વરાછા-એ	50
સેન્ટ્રલ	45
વરાછા-બી	45
અઠવા	42
કતારગામ	31
રાંદેર	22

ક્યાં ક્યાં પાણી ભરાયા

» ભેદવાડ ખાડી : ભયજનક સપાટી વટાવી
» ભીમરાડ અને બમરોલીમાં પાણી ઘૂસ્યા
» ઉધના-સચિન રોડ બેટમાં ફેરવાયો
» ઉધના-નવસારી રોડ પર કમર સુધી પાણી
» વેસુ અને VIP રોડ, ભગવાન મહાવીર કોલેજ વિસ્તારમાં બીજા દિવસે પણ પાણી ભરાવાની સ્થિતિ
» ભેસ્તાન, ઉન અને ઉધના ત્રણ રસ્તા વિસ્તારમાં વાહન વ્યવહાર ખોરવાયો
» ઉધના રેલવે ગરનાળું બંધ
» કાંકરા ખાડી વિસ્તાર અને સંજયનગરમાં હાઈ એલર્ટ

કમિશનરે તાકીદની બેઠક બોલાવી

બુધવારે પડેલા વરસાદમાં સૌથી વધુ 80 મીમી વરસાદ ઉધના ઝોનમાં નોંધાતાં ખાડી કાંઠાના વિસ્તારો સૌથી વધુ પ્રભાવિત બન્યા હતા. સતત બીજા દિવસે વરસેલા વરસાદે ફરી એકવાર સુરતને ખાડીપૂરની દહેશતમાં ધકેલી દીધું છે અને સમગ્ર વહીવટી તંત્રને હાઈ એલર્ટ પર મૂકી દીધું છે. ભેદવાડ ખાડી ઉભરાવા ઉપરાંત રાત્રે ભારે વરસાદની આગાહીના પગલે મનપા કમિશનરે તાકીદની બેઠક બોલાવીને તંત્રને સાબદુ કર્યુ હતું. આ સાથે ખાડીની અસરમાં આવતા ઉધના-લિંબાયત, વરાછા-સરથાણા, અઠવા ઝોનના વડા, કાર્યપાલક ઇજનેર અને અન્ય તમામ સ્ટાફ આખી રાત સ્ટેન્ડ બાય રહેવા આદેશ અપાયા હતા.

ફરી સુરતમાં બે ખાડી છલકાઈ 600થી વધુનું સ્થળાંતર કરાયું

ભારે વરસાદથી અન્ય ખાડીઓ પણ છલકાવાની સંભાવનાથી સ્થળાંતરનો આંક વધવાની સંભાવના

ક્યાંથી કેટલા લોકોનું સ્થળાંતર કરાયું?

» લિંબાયત ઝોનઃ મીઠી ખાડી, રાવનગર, 22 વ્યક્તિ
» લિંબાયત ઝોનઃ મીડલ રિંગ રોડ લેબર કોલોની, 102 વ્યક્તિ
» સરથાણા ઝોનઃ આદર્શ નિવાસી શાળા (વીટીનગર), 99 વ્યક્તિ
» વરાછા ઝોનઃ સારોલી-સણિયા, 60 વ્યક્તિ
» વરાછા ઝોન : પાટીચાલ, 120 વ્યક્તિ
» ઉધના ઝોનઃ ભેદવાડ ખાડી વિસ્તાર, 400થી વધુ વ્યક્તિ

સુરતઃ શહેરમાં ફરી એકવાર ખાડીઓના જળસ્તરમાં વધારો થતાં અને રાત્રે ભારેથી અતિભારે વરસાદની આગાહીને પગલે સુરત મહાનગરપાલિકાએ આગોતરા સાવચેતીના ભાગરૂપે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરવાનું શરૂ કર્યું છે. ભેદવાડ ખાડી આસપાસના વિસ્તારોમાંથી સૌથી વધુ લોકોને સ્થળાંતર કરવામાં આવ્યું છે. ઉપરાંત લિંબાયત, સરથાણા અને વરાછા ઝોનના સંવેદનશીલ વિસ્તારોમાંથી પણ લોકોને આગોતરા સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. લિંબાયત ઝોનના મીઠી ખાડી રાવનગર વિસ્તારમાંથી 22 લોકોને સ્થળાંતર કરવામાં આવ્યા છે. સરથાણા વિસ્તારમાં આવેલી આદર્શ નિવાસી શાળા ખાતે વીટીનગરના 99 લોકોને રાખવામાં આવ્યા છે. વરાછા ઝોનના સારોલી-સણિયા વિસ્તારમાંથી 60 લોકો સ્વૈચ્છિક રીતે પોતાના સગાસંબંધીઓના ઘરે ગયા છે, જ્યારે પાટીચાલ વિસ્તારમાંથી આશરે 120 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

તે જ રીતે લિંબાયત ઝોનમાંથી વધુ 102 લોકોને મીડલ રિંગ રોડ સ્થિત લેબર કોલોનીમાં રાખવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ભેદવાડ ખાડી વિસ્તારની આસપાસના વિસ્તારોમાંથી સ્થળાંતર સહિત કુલ 400થી વધુ લોકોને નજીકની શાળાઓ, કોમ્યુનિટી હોલ અને અન્ય સલામત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.

વધારાના પંપ મૂકીને ભરાયેલા પાણીનો ઝડપથી નિકાલ કરો

ભારે પૂરની આશંકાથી મેયર, કમિ., સ્થાયી સમિતિ ચેરમેને વિસ્તારની મુલાકાત લીધી

સુરતઃ શહેરમાં તાજેતરમાં વરસેલા ધોધમાર વરસાદના કારણે સર્જાયેલી વિકટ પરિસ્થિતિને પગલે સુરત મહાનગરપાલિકાનું પ્રશાસન અને પદાધિકારીઓ આ વખતે રેડ એલર્ટ મોડને લઈ પહેલેથી જ મેદાનમાં પહોંચી ગયા હતા. શહેરમાં ખાડીઓ ઓવરફ્લો થવાથી આસપાસના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની ગંભીર સમસ્યાઓ ઊભી થતા જ આ પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે મેયર માયાબેન માવાણી અને સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજનભાઇ પટેલ અને કમિશનર એમ.નાગરાજન મનપાના ઉચ્ચ અધિકારીઓના કાફલા સાથે દિવસભર વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્થળ મુલાકાત લીધી હતી.

ખાસ કરીને ઉધના વિસ્તારમાં આવેલા પ્રમુખ પાર્ક સહિતના ખાડી પ્રભાવિત વિસ્તારોમાં પહોંચીને વરસાદી પાણીના નિકાલની સ્થિતિ અને સ્થાનિક નાગરિકોને પડી રહેલી મુશ્કેલીઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. સ્થળ મુલાકાત દરમિયાન મેયર અને સ્થાયી સમિતિ અધ્યક્ષે ડ્રેનેજ અને હાઇડ્રોલિક વિભાગના ઉચ્ચ અધિકારીઓને વરસાદી પાણીના નિકાલની કામગીરી વધુ ઝડપી બનાવવા માટે સ્થળ પર જ જરૂરી સૂચનાઓ આપી હતી. ખાડી કિનારે આવેલા વિસ્તારોમાં પાણીનો ભરાવો વહેલી તકે ઓછો થાય તે માટે વધારાના પંપ મૂકીને પાણી ઉલેચવાની કવાયત હાથ ધરવા જણાવાયું હતું.

અકસ્માતમાંવાહનનીખબરનહીં હોય તો પણ ક્લેઈમ પાસ થાય

ફરિયાદીના પુત્રનું અમદાવાદમાં વાહનની અડફેટે મૃત્યુ થયું હતું, વ્યાજ સાથે રકમ ચૂકવવા વીમા કંપનીને ગ્રાહક કોર્ટનો આદેશ

સુરતઃ જો કોઈ વ્યક્તિ મેડિકલેઈમ પોલિસી ધરાવતી હોય અને અકસ્માતમાં ઈજા થવાને કારણે હોસ્પિટલમાં સારવાર લેવામાં આવી હોય, તો અકસ્માત કયા ચોક્કસ વાહન સાથે અથડાવાથી થયો છે તે બાબતની અસ્પષ્ટતા યા વિસંગતતાના ટેકનિકલ બહાના હેઠળ વીમા કંપની ક્લેમ રિજેક્ટ કરી શકે નહીં તેવું સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (મુખ્ય) ના પ્રમુખ પી.પી. મેખીયા અને સભ્ય ડો. તીર્થેશભાઈ મહેતા દ્વારા ગ્રાહક હિતમાં એક ચુકાદામાં સ્પષ્ટ કર્યું હતું.

ક્તારગામનાં છગન જોષી અને ગોદાવરીબેન જોષીએ વીમા કંપની વિરૂધ્ધ ગ્રાહક કમિશનમાં એડવોકેટ શ્રેયસ એસ. દેસાઈ, પ્રાચી અર્પિત દેસાઈ અને ઈશાન દેસાઈ મારફતે ફરિયાદ કરી હતી. ફરિયાદીનો પુત્ર સતીશનું તા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૦ ના રોજ અમદાવાદમાં માર્ગ અકસ્માતમાં ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન મૃત્યું થયું હતું. મૃતકનાં સારવાર પાછળ કુલ રૂ. ૬,૦૦,૫૦૧નો તબીબી ખર્ચ થયો હતો પરંતુ વીમો માત્ર રૂ. ૧ લાખનો હતો જેથી ફરિયાદી ૧ લાખનો ક્લેમ કર્યો હતો. વીમા કંપનીએ અકસ્માત કયાં વાહન સાથે થયું તેની સ્પષ્ટતા ન હોવાથી ક્લેમ નામંજૂર કર્યો હતો. સુરત જિલ્લા ગ્રાહક કમિશન (મેઈન) એ ફરિયાદીઓની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

ગટરમાંથી કેમિકલયુક્ત લાલ પાણી બેક મારતાં લોકોમાં રોષ

દુર્ગંધથી જીવન દુષ્કર, ચામડીના રોગોના કેસ વધ્યા હોવાનો સ્થાનિકોનો આક્ષેપ

જીપીસીબીએ પાણીનાં સેમ્પલ લઈને તપાસ માટે મોકલી તાત્કાલિક લાલ પાણીની સફાઈ કરાવી

સુરતઃ શહેરના ઉધના, ભેસ્તાન અને પાંડેસરા વિસ્તારમાં ગટરની લાઈનોમાંથી કેમિકલયુક્ત લાલ પાણી બેક મારવાની સમસ્યા ફરી એકવાર સામે આવી છે. દરવખતની જેમ વરસાદી પાણીની સાથે ગટરોમાંથી લાલ રંગનું કેમિકલયુક્ત પાણી રસ્તાઓ પર ઉભરાય છે. સ્થાનિક લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર ઉધના-ભેસ્તાન રોડ સહિત આસપાસના વિસ્તારોમાં દર વખતના વરસાદ દરમિયાન ગટરની લાઈનોમાંથી લાલ રંગનું કેમિકલયુક્ત પાણી બેક મારે છે. આ પાણી રસ્તાઓ પર ફેલાઈ જતાં વાહનચાલકો, રાહદારીઓ અને સ્થાનિક રહીશોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. લાંબા સમયથી આ સમસ્યા હોવા છતાં તેનો કાયમી ઉકેલ આવ્યો નથી. સ્થાનિક રહીશોએ આક્ષેપ કર્યો છે કે પ્રમુખ પાર્ક, લક્ષ્મી નારાયણ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર સહિતના કેટલાક ઉદ્યોગો દ્વારા કેમિકલયુક્ત ગંદુ પાણી સીધું સુરત મહાનગરપાલિકાની ગટરલાઈનમાં છોડવામાં આવે છે. અગાઉ માત્ર કેટલાક ડાઈંગ યુનિટ્સ પર શંકા વ્યક્ત કરવામાં આવતી હતી, પરંતુ હવે અનેક ઔદ્યોગિક એકમો દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરીને કેમિકલયુક્ત પાણી છોડવામાં આવતું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

વ્યક્તિ વિશેષ આજે તા.23મી જુલાઈનો દિવસ બાળ ગંગાધર તિલકની જન્મજયંતિ છે ત્યારે

સુરતને જોડતા ગણેશોત્સવના જનેતા લોકમાન્ય તિલક હતા!

1907માં સુરતમાં મળેલા અધિવેશનમાં લોકમાન્ય તિલકને કારણે જ કોંગ્રેસના બે ભાગલા પડી ગયા હતા

આજે ઈતિહાસમાં આ ભાગલા સુરતના ભાગલા તરીકે જાણીતા છે

સુરતઃ આજે સુરતમાં મુંબઈ પછીનો બીજા ક્રમનો જે સાર્વજનિક ગણેશોત્સવ ઉજવાય છે તેની શરૂઆત કરાવનાર લોકમાન્ય તિલક હતા. "સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે અને હું તેને મેળવીને જ જંપીશ", આ અમર નારો આપી ભારતીય આઝાદીની લડતમાં નવો પ્રાણ ફુંકનાર દેશના મહાન ક્રાંતિકારી, શિક્ષક અને રાષ્ટ્રવાદી નેતા 'લોકમાન્ય' બાળ ગંગાધર તિલકની આવતીકાલે તા.૨૩મી જુલાઈના રોજ જન્મજયંતી છે. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસમાં લોકમાન્ય તિલક અને સુરત શહેર વચ્ચેનો નાતો અત્યંત સુવર્ણ અને નિર્ણયક માનવામાં આવે છે. લોકમાન્ય તિલકને કારણે જ સુરતમાં કોંગ્રેસના 'ગરમ દળ' અને 'નરમ દળ', એવા બે ભાગલા પડ્યા હતા અને ઈતિહાસના પાનામાં આજે પણ આ સુરતના ભાગલા તરીકે જાણીતા છે. ડિસેમ્બર ૧૯૦૭માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું ૨૩મું અધિવેશન સુરત ખાતે તાપી નદીના કિનારે યોજાયું હતું. આ અધિવેશનમાં ભાગ લેવા માટે લોકમાન્ય તિલક, લાલા લજપતરાય અને મહર્ષિ અરવિંદ ઘોષ જેવા પ્રખર રાષ્ટ્રવાદી નેતાઓ સુરત પધાર્યા હતા. કોંગ્રેસના આ ઐતિહાસિક અધિવેશન દરમિયાન આંદોલનની નીતિઓ અને પ્રમુખ પદની પસંદગીને લઈને 'ગરમ દળ' (ઉગ્રવાદી) અને 'નરમ દળ' (મધ્યમ માર્ગી) વચ્ચે તીવ્ર વૈચારિક મતભેદો સર્જાયા હતા. તિલકજી ગરમ દળના મુખ્ય ચહેરા હતા, જેઓ અંગ્રેજો સામે માત્ર વિનંતીઓ કરવાના બદલે પૂર્ણ સ્વરાજ, બહિષ્કાર અને સ્વદેશી ચળવળના વિરોધત્મક માર્ગમાં માનતા હતા. સુરતની ધરા પરથી જ કોંગ્રેસ બે ભાગમાં વહેંચાઈ હતી, જેને ઈતિહાસમાં 'સુરત વિભાજન' તરીકે ઓળખવામાં આવે છે. આ ઘટના બાદ પણ લોકમાન્ય તિલકના વિચારો અને ઉદ્બોધનોની સુરતીઓ પર ઊંડી અસર પડી હતી.

લોકમાન્ય તિલકના ઉગ્ર સ્વભાવને કારણે અંગ્રેજો તેમને 'ભારતીય અશાંતિના પિતા' કહેતા હતા

મહારાષ્ટ્રના રત્ન ગિરીમાં તા.23મી જુલાઈ, 1856માં જન્મેલા કેશવ ગંગાધર તિલક એટલે કે બાળ ગંગાધર તિલકનું નામ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસમાં અત્યંત આદર અને ગૌરવ સાથે લેવામાં આવે છે. મહાત્મા ગાંધી પહેલાં તેઓ ભારતીય સ્વતંત્રતા ચળવળના સૌથી લોકપ્રિય અને પ્રભાવશાળી નેતા હતા. તેમણે જનતાને એકત્રિત કરવા અને રાષ્ટ્રીય ચેતના જગાવવા માટે તેમણે સામાજિક ઉત્સવોને જાહેર સ્વરૂપ આપ્યું હતું. જેમાં સાર્વજનિક ગણેશોત્સવ અને શિવજયંતિનો સમાવેશ થાય છે. તેમણે વિદેશી માલનો બહિષ્કાર અને 'સ્વદેશી આંદોલન' નો પાયો નાખ્યો હતો. જનતા પ્રત્યેના તેમના સમર્પણ અને નેતૃત્વના કારણે લોકોએ તેમને 'લોકમાન્ય' (જેને લોકોએ માન્ય રાખ્યા છે)નું બિરુદ આપ્યું હતું.

૧૦,૦૦૦ના રોજના ૨૦૦ રૂપિયા વસૂલતો વ્યાજખોર

ઘર વેચીને પણ હપતા આપો નહીં મારી નાંખવાની ધમકી આપતો હતો

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં ગરીબ મજૂરોને ઊંચા વ્યાજે નાણાં આપી ૨૦૦% જેટલું ભારે વ્યાજ વસૂલતા અને જાનથી મારી નાખવાની ધમકી આપતા વ્યાજખોરની પોલીસે ધરપકડ કરી છે.

ડિંડોલી ખાતે સી.આર. પાટીલ રોડ સ્થિત જગદંબા નગરમાં રહેતા અને મજૂરીકામ કરતા સુરજકુમાર રામદેવ મહતોએ ડિંડોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેને નાણાંની જરૂરિયાત ઊભી થતાં તેમણે આરોપી રામપ્રસાદ મૌર્યા પાસેથી રૂ. ૧૦,૦૦૦ વ્યાજે લીધા હતા. જેનું વ્યાજ રોજના રૂ. ૨૦૦ લેખે ચૂકવવાનું નક્કી કરાયું હતું. આરોપી વ્યાજના નાણાં મેળવી એક વિશેષ ડાયરીમાં રકમ અને તારીખ લખી સહી કરી આપતો હતો.ફરિયાદી ઉપરાંત તેમના મિત્રો મનોજ મૌર્યા (રૂ. ૩૦,૦૦૦), પંકજ મૌર્યા (રૂ. ૧૮,૦૦૦) અને રિક્ષાચાલક સતિષકુમાર સિંગ (રૂ. ૨૦,૦૦૦) મળી કુલ રૂ. ૭૮,૦૦૦ વ્યાજે લીધા હતા. પરિવારમાં બીમારી કે પગાર ન થવા જેવા કારણોસર હપ્તો ભરવામાં વિલંબ થાય ત્યારે આરોપી રામપ્રસાદ ગાળો આપી, ઘર વેચીને પણ મને હપ્તો આપવો પડશે તેમજ "તમારા પરિવારને જે થવું હોય તે થાય, મને મારા હપ્તા જોઈએ તેમ કહી મારી નાંખવાની ધમકીઓ આપતો હતો. વ્યાજખોરના ત્રાસ અને પઠાણી ઉઘરાણીથી કંટાળીને ચારેય મિત્રોએ એકત્ર થઈ વ્યાજની ડાયરીઓ સાથે ડિંડોલી પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી હતી.